# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૨૪ તા.૧૬-૦૬-૨૦૨૧

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

આથી તમામ મ્યુનિ.પ્રાથમિક તથા ઉચ્ચતર પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે ભારત સરકારના માનવ સંસાધન અને વિકાસ વિભાગ (MHRD) દ્વારા ચાલુ વર્ષ ૨૦૨૦-૨૧માં UDISE વિસ્તૃત કરી ઓનલાઈન UDISE+ (Extended UDISE)કરવામાં આવેલ છે.MHRDની સૂચના અન્વયે ચાલુ વર્ષ ૨૦૨૦-૨૧ની તમામ મ્યુનિ.પ્રાથમિક તથા ઉચ્ચતર પ્રાથમિક શાળાઓની માહિતી UDISE+ અંતર્ગત મેળવવાની થાય છે.

સમગ્ર શિક્ષા અભિયાનતેમજ રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન યોજના અન્વયે જિલ્લા કક્ષા તેમજ રાજ્ય કક્ષાએ પ્રાથમિક,ઉચ્ચતર પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્તરના શૈક્ષણિક આયોજન માટે તૈયાર કરવામાં આવતા વાર્ષિક અંદાજપત્રમાં તથા શૈક્ષણિક નીતિ આયોજન તેમજ શિક્ષણને લગતા નીતિ વિષયક નિર્ણયો લેવામાં રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ ડાયસની માહિતીને આધારભૂત ગણી તેનો ઉપયોગ કરવામાં આવે છે.

<u>શિક્ષણનો અધિકાર અધિનિયમન -૨૦૦૯ ની કલમ -૧૨ (૩) તથા ગુજરાત રાઈટ ટુ એજ્યુકેશન રૂલ્સ ૨૦૧૨ માં નિયમ -૧૩ (૧)(જ)(ઝ) અને તે સાથેના પરિશિષ્ટ-૨ ના નમુના -૨ ની શરતોની શરત -૧૦ અને ૧૭ અનુસાર દરેક શાળાઓને આ માહિતી આપવી ફરજિયાત છે.આ અંગે ઉપરોક્ત તમામ શાળાઓની નોંધણી યુ-ડાયસ અંતર્ગત થવી જરૂરી છે. અન્યથા શાળાની માન્યતા રદ થઇ શકે છે.</u>

૧. તમામ શાળાઓએ ડાયસ ફોર્મમાં શાળાકીય માહીતી, શાળાની ભૌતિક સુવિધાઓ અને સાધનોની માહીતી, શિક્ષકો અને ઈન્સ્ટ્રક્ટરની માહિતી (મુખ્ય શિક્ષક સહિત),નવુ નામાંકન ધોરણ-૧ ની માહિતી, ચાલુ શૈક્ષણિક વર્ષનું નામાંકન (સામાજિક જાતિ પ્રમાણે),ચાલુ શૈક્ષણિક સત્રમાં ધોરણવાર નામાંકન (ઉમર પ્રમાણે) તથા મીડીયમ પ્રમાણે નામાંકન (તમામ) તમામ માહીતી, વિશિષ્ટ જરુરીયાત ધરાવતા (C.W.S.N) બાળકોની માહિતી ફરજીયાત સ્પષ્ટ અને સાચી ભરવાની રહેશે.

૨. શિક્ષકો અને ઈન્સ્ટ્રક્ટરની માહિતીમાં શિક્ષકોના આધારકાર્ડ તથા શિક્ષકોના મોબાઈલ નંબરની માહિતી આપવી ફરજિયાત આપવાની રહેશે.અન્યથા જે શિક્ષકોનો આધારકાર્ડ ,મોબાઈલ નંબરની માહિતી આપવામાં આવેલ નહી હોય તે શિક્ષકોની જેતે શાળામાં એન્ટ્રી કરવામાં આવશે નહી.શાળાના વહીવટી સ્ટાફ અને પ્રવાસી શિક્ષકો,કોન્ટ્રાક્ટ શિક્ષકોની માહિતી ડાયસ ફોર્મમાં દર્શાવવી નહી..

૩. આપની શાળાનું યુ-ડાયસ ફોર્મમાં પત્રકમાં -ચાલુ શૈક્ષણિક વર્ષનું નામાંકન (સામાજિક જાતિ પ્રમાણે),ચાલુ શૈક્ષણિક સત્રમાં ધોરણવાર નામાંકન (ઉમર પ્રમાણે) તથા મીડીયમ પ્રમાણે નામાંકન (તમામ) આપની શાળાએ આધાર ડાયસમાં કરેલ બાળકોની એન્ટ્રી મુજબ ભરવાની રહેશે.આધાર ડાયસમાં તે મુજબ બાળકોની એન્ટ્રીની જવાબદારી મુખ્ય શિક્ષકશ્રીઓની રહેશે.

૪. યુ-ડાયસ ફોર્મમાં શાળાનું વિવરણમાં એસ..એમ.સીના સભ્યોની સંખ્યાની વિગતો તથા એસ..એમ.સી બેંકનુ નામ, શાખાનું નામ,ખાતાનું નામ,ખાતાનંબર તથા આઇ.એફ.એસ.સી કોડની વિગતો ફરજિયાત આપવાની રહેશે.

સદર ડાયસ ફોર્મ અંગેની માહિતી યુ-ડાયસ ફોર્મમાં માહિતી આપવાની જવાબદારી શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓની રહેશે.

યુ-ડાયસના ફોર્મ ભરવા માટે અત્રેની કચેરી તરફથી નગર પ્રા.શિ.સમિતિ,અમદાવાદ એસ.એસ.એ કચેરીના (વોર્ડ)કલ્સટરનાતમામ સી.આર.સી.કો-ઓર્ડિનેટરને મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડની શાળાઓના યુ ડાયસ ફોર્મ આપવામાં આવેલ છે.જે તમામ શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓએ પોતાના (વોર્ડ)કલ્સટરના યુ.આર.સી /સી.આર.સી કો.ઓનો સંપર્ક કરી આપની શાળાનું યુ-ડાયસ ફોર્મ મેળવી માહિતી ભરી સી.આર.સી કો.ઓને તા.૨૦/૦૬/૨૦૨૧ સુધીમાં પરત કરવાના રહેશે.

તા.૧૬-૦૬-૨૦૨૧

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૨૪-A તા.૧૬-૦૬-૨૦૨૧

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષય :- Digital Gujarat Portal પર SC/ ST/ SEBC/ EBC/ NT-DNT/ Minority જ્ઞાતિના વિદ્યાર્થીઓની પ્રિમેટ્રીક મેટ્રીક શિષ્યવૃત્તિ / ગણવેશ સહાય યોજનાઓનો ઓનલાઇન અમલ કરવા બાબત.( વર્ષ ૨૦૨૧-૨૨) ( ધોરણ :૧ થી ૮)

સંદર્ભ :- (૧) નિયામક વિકસતી જાતિ કલ્યાણ,ગાંધીનગરનો પત્ર ક્રમાંકઃ- વિજાક/શિક્ષણ/૨૦૨૧-૨૨/૩૦૧ તા.૧૪-૦૬-૨૦૨૧ નો પત્ર.

(૨) ક્રમાંકઃપ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૧/૩૯૦૭-૯૯ નાયબ શિક્ષણ નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ ગાંધીનગરનો તા.૧૪-૦૬-૨૦૨૧ નો પત્ર.

આથી તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભે જણાવવાનું કે વર્ષ ૨૦૨૧-૨૨ માં ધો.૧થી૮ માં અભ્યાસ કરતા SC/ST/SEBC/EBC/NT-DNT/Minority જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટેની પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ/ ગણવેશ સહાય યોજનાઓનો અમલ Digital Gujarat Portal પર શાળાના આચાર્યશ્રીઓ પાસેથી ઓનલાઇન દરખાસ્તો મંગાવવામાં આવેલ છે. પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ/ગણવેશ સહાય યોજનાના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓની એન્ટ્રી ડિજિટલ ગુજરાત પોર્ટલમાં કરવાની તમામ વિદ્યાર્થીઓની એન્ટ્રી થઇ ગયા બાદ રાજયકક્ષાએથી જયારે વિદ્યાર્થીઓના બેંક ખાતાને વેરીફાઇ કરવામાં આવે ત્યારબાદ તમામ વિદ્યાર્થીઓની યોજનાવાર ઓનલાઇન પ્રપોઝલ બનાવવાની કામગીરી તા.૦૭-૦૬-૨૦૨૧ થી શરૂ કરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૨૧-૨૨ ની પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ/ગણવેશ સહાય યોજનાની કામગીરી શાળા કક્ષાએથી વિદ્યાર્થીઓની એન્ટ્રી કરવાની,પ્રપોઝલ બનાવવાની કામગીરી,પ્રપોઝલને ઓનલાઇન સેન્ડ કરવાની કામગીરી સહિતની તમામ કામગીરી અંગેની સમજૂતી આ સાથે સંદર્ભિત પત્રમાં સામેલ વિગતો મુજબ તા.૧૫-૦૭-૨૦૨૧ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે. આ કામને પ્રાયોરિટી આપી બિનચૂક સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરવી. જેની નોંધ લેશો.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૧૬-૦૬-૨૦૨૧

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

ક્રમાંકઃપ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૧/ ૩૯૦૭-૯૯
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં- ૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ. રા. ગાંધીનગર. તા. ૧૪/૦૬/૨૦૨૧

પ્રતિ,
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ- Digital Gujarat Portal પર SC / ST / SEBC /EBC/ NT-DNT/ Minority જ્ઞાતિના વિદ્યાર્થીઓની પ્રિમેટ્રીક મેટ્રીક શિષ્યવૃતિ / ગણવેશ સહાય યોજનાઓનો ઓનલાઇન અમલ કરવા બાબત (વર્ષ ૨૦૨૧-૨૨) (ધોરણ: ૧ થી ૮)

સંદર્ભઃ- નિયામક વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરનો પત્ર ક્રમાંકઃ- વિજાક/શિક્ષણ/૨૦૨૧-૨૨/૩૦૧ તા. ૧૪/૦૬/૨૦૨૧

ઉપર્યુકત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનુ કે, સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર તથા આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર હસ્તકની વર્ષ: ૨૦૨૧-૨૨ ની SC / ST / SEBC/ EBC / NT-DNT / Minority જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટેની પ્રિમેટ્રીક શિષ્યવૃતિ/ગણવેશ સહાય યોજનાઓનો અમલ Digital Gujarat Portal પર શાળાના આચાર્યશ્રીઓ પાસેથી ઓનલાઇન દરખાસ્તો મંગાવામાં આવેલ છે.

ઉક્ત બાબતે પ્રાથમિક શાળાઓને તમામ પ્રિમેટ્રીક શિષ્યવૃતિ/ગણવેશ સહાય યોજનાના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓની એન્ટ્રી ડિજિટલ ગુજરાત પોર્ટલમાં કરવાની, તમામ વિદ્યાર્થીઓની એંટ્રી થઇ ગયા બાદ રાજ્યકક્ષાએથી જ્યારે વિદ્યાર્થીઓના બેંક ખાતાને વેરીફાઇ કરવામાં આવે ત્યારબાદ તમામ વિદ્યાર્થીઓની યોજનાવાર ઓનલાઇન પ્રપોઝલ બનાવવાની કામગીરી તા. ૦૭/૦૬/૨૦૨૦૧ થી શરૂ કરવામાં આવેલ છે. જેથી તમામ આચાર્યશ્રીઓને વર્ષ ૨૦૨૧-૨૨ ની પ્રિમેટ્રીક શિષ્યવૃતિ/ગણવેશ સહાય યોજનાની કામગીરી તાત્કાલિક પૂર્ણ કરાવવા આપની કક્ષાએથી જરૂરી સૂચના આપવા જણાવવામાં આવે છે.

શાળાકક્ષાએ વિદ્યાર્થીઓની એંટ્રી કરવાની કામગીરી, પ્રપોઝલ બનાવવાની કામગીરી, પ્રપોઝલને ઓનલાઇન સેન્ડ કરવાની કામગીરી સહિતની તમામ કામગીરી તા. ૧૫/૦૭/૨૦૨૧ સુધીમાં પૂર્ણ થઇ જાય તે મુજબ આયોજન કરવાનુ રહેશે. વધુમાં, શાળામાં પાત્રતા ધરાવતા કોઇપણ વિદ્યાર્થી શિષ્યવૃતિથી વંચિત ન રહી જાય તેની પણ કાળજી લેવાની રહેશે. ડિજિટલ ગુજરાત પોર્ટલની કામગીરીને સમયમર્યાદામાં પૂર્ણ કરવા માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ જે તે ખાતાના જિલ્લા અધિકારીશ્રીના સંપર્કમાં રહીને તથા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓને સૂચનાઓ આપી સંબધિતો પાસેથી તાત્કાલિક કામગીરી પૂર્ણ કરવા જણાવામાં આવે છે.

વધુમાં, વર્ષ ૨૦૧૯-૨૦ થી તમામ જિલ્લાઓમાં E-Kuber પધ્ધતિનુ ઇમ્પ્લીમેન્ટેશન શરૂ થયેલ હોય ચાલુ વર્ષથી જે વિદ્યાર્થીઓના ખાતા Dormant / Freeze / Inactive થયેલ હશે કે જે વિદ્યાર્થીઓની બેંક ખાતા/IFSC Code ની વિગતો ખોટી નાખવામાં આવેલ હશે તેવા વિદ્યાર્થીઓને અગાઉની પધ્ધતિ મુજબ બેંક ડ્રાફ્ટ મળી શકશે નહિ તે અંગેની જાણ સંબધિત આચાર્યશ્રીને કરવાની રહેશે.

જે વિદ્યાર્થીઓના ખાતા Dormant / Freeze / Inactive થયેલ હશે કે જે વિદ્યાર્થીઓની બેંક ખાતા/IFSC Code ની વિગતો ખોટી નાખવામાં આવેલ હશે તેની વિગતો જે તે આચાર્યશ્રીએ શાળાના લોગીનમાં જઇ ને Utility → Update Payment Failed Student Account મેનુમાંથી સુધારવાની રહેશે અને હાયર ઓથોરીટીને સેન્ડ કરવાની રહેશે. (જે વિદ્યાર્થીઓના ખાતા Dormant / Freeze / Inactive થયેલ હોય તેવા વિદ્યાર્થીઓના ખાતા સંબધિત બેંકનો સંપર્ક કરી Active કરાવવાના રહેશે. જો ખાતા Active કરાવ્યા વગર ફરી હાયર ઓથોરેટીને સેન્ડ કરી દેવામાં આવશે તો તેવા વિદ્યાર્થીઓને ફરી ઓનલાઇન પેમેન્ટ થઇ શકશે નહિ.

વધુમાં, વિદ્યાર્થીઓના બેંક ખાતાની વિગતો સમયમર્યાદામાં સુધારવામાં આવશે નહિ તો તેવા વિદ્યાર્થીઓને શિષ્યવૃતિનુ ચુકવણું થઇ શકશે નહિ તે અંગેની માહિતી તમામ આચાર્યશ્રીઓને તાત્કાલિક આપવાની રહેશે અને સમયમર્યાદામાં આવા વિદ્યાર્થીઓના ખાતાની વિગતો અપડેટ થઇ જાય તે મુજબનુ આયોજન કરવાનું રહેશે. આમ, તમામ જિલ્લા અધિકારીશ્રીઓને ઉક્ત તમામ બાબતો ધ્યાને લઇ સમયમર્યાદામાં દરખાસ્તો મોકલી આપવા તેમજ વિદ્યાર્થીઓના ખાતા અપડેટ કરવા અંગેની કામગરીનું આયોજન કરવા જણાવવામાં આવે છે. આ સાથે સામેલ સંદર્ભિત પત્રને ધ્યાને લઇ આપના હસ્તકની તમામ પ્રાથમિક શાળાઓને આપની કક્ષાએથી જરૂરી સુચના આપવાની રહેશે.

બિડાણઃ- સંદર્ભિત પત્ર.

નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા.ગાંધીનગર

નકલ રવાના જાણ સારૂ . .

- માન. અગ્ર સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર તરફ જાણ થવા વિનંતી સહ.
- માન.સચિવશ્રી, (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, ગાંધીનગર તરફ જાણ થવા સારૂં.
- નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ, બ્લોકનં.૪/૨, ડો.જીવરાજ મહેતા ભવન, ગુ.રા.ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં.-૪/૩, ડો.જીવરાજ મહેતા ભવન, ગુ.રા.ગાંધીનગર તરફ જાણ થવા સારૂં.
- કમાન્ડ એન્ડ કંટ્રોલ સેલ, સેકટર- ૧૯, ગાંધીનગર તરફ જરૂરી સૂચના આપવા સારૂ.

Scanned with CamScanner

ખાસ જરૂરી

ન/વિજાક/શિક્ષણ/૨૦૨૧/૨૨/309
નિયામક,વિકસતી જાતિ કલ્યાણ
૪/૩ ડો જીવરાજ મહેતા ભવન
ગુજરાત રાજ્ય ગાંધીનગર
E-mail:ddcw [illegible]@gujarat.gov.in
ફોન ૦૭૯ ૨૩૨ ૫૩૨૬૫
તા [illegible]/૦૬/૨૦૨૧

પ્રતિ,
નિયામકશ્રી,
પ્રાથમિક શિક્ષણ,
બ્લોકનં: ૧૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
જિ. ગાંધીનગર

વિષય:- Digital Gujarat Portal પરની વર્ષ: ૨૦૨૧-૨૨ની OBC /SC / ST વિદ્યાર્થીઓની પ્રિ-મેટ્રીક શિષ્યવૃતિ / ગણવેશ સહાય યોજનાઓની કામગીરી પૂર્ણ કરવા બાબત (ધોરણ:૧ થી ૮)

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર તથા આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર હસ્તકની વર્ષ:૨૦૨૧-૨૨ ની SEBC/ EBC NT-DNT / Minority/ SC / ST જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટેની પ્રિમેટ્રીક શિષ્યવૃતિ / ગણવેશ સહાય યોજનાઓનો અમલ Digital Gujarat Portal પર શાળાના આચાર્યશ્રીઓ પાસેથી ઓનલાઇન દરખાસ્તો મંગાવી કરવામાં આવેલ છે. પ્રાથમિક / માધ્યમિક શાળાઓએ વિદ્યાર્થીઓની એંટ્રી ઉક્ત પોર્ટલમાં કરી પ્રપોઝલ બનાવી સબંધિત જિલ્લા કચેરીઓને મોકલી આપવાની હોય છે.

વર્ષ:૨૦૨૧-૨૨ માટેની પ્રિ-મેટ્રીક શિષ્યવૃતીની દરખાસ્તો તા:૦૭/૦૬/૨૦૨૧ના રોજથી મગાવવામાં આવેલ છે. આ કામગીરી તમામ આચાર્યશ્રીઓ ઝુંબેશના ભાગ રૂપે સમય મર્યાદામાં પૂર્ણ કરે તે માટે આપની કક્ષાએથી તમામ સંબધિતોને કમાન્ડ એન્ડ કંટ્રોલ ના માધ્યમથી તેમજ લેખીત સુચના આપવા નમ્ર વિનંતી છે આપની કક્ષાએથી આપવાની થતી સૂચનાનો ડ્રાફ્ટ મુસદો આ સાથે સામેલ કરેલ છે જે વિદિત થાય

(એમ.એ.નિનામા IAS)
નિયામક
વિકસતી જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય ગાંધીનગર

Scanned with CamScanner